सत्यमेव जयते

Received on 10/09/2025
Registered on 10/09/2025
Decided on 30/06/2026
Duration 00 - 09 - 20
YY/MM/DD

<u>મે.ના.શ્રી.પાંચમાં અધિક ડિસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ જજ સાહેબની અદાલતમાં,</u>

<u>ગાંધીનગર.</u>

<u>રેગ્યુ.સિવિલ અપીલ નં.૮૪/૨૦૨૫</u>

આંક : ૧૦

એપેલેન્ટ :	**૧)**	**લલીતાબેન રમણભાઈ પરમાર**
(મૂળ પ્રતિવાદી નં.૫)		ઉ.વ.૭૪, ધંધો : મજૂરી, રહે.મુ.ડભોડા, તા.જિ.ગાંધીનગર.

વિરૂધ્ધ

રીસ્પોન્ડન્ટ્સ :	**૧)**	**નયનાબેન દિલીપભાઈ રમણભાઈ પરમાર**
(મૂળ વાદી)		ઉ.વ.પુખ્ત, ધંધો : મજૂરી, રહે.મ.નં.–ડી/૫૦૩, રીવર ફ્લોરા સંજરી પાર્ક, જી.ઈ.બી. કોલોની પાસે, મુ.પેથાપુર. મૂળ રહે.રોહિતવાસ, ડભોડા, તા.જિ.ગાંધીનગર.
(મૂળ પ્રતિ. નં.૧)	**૨)**	**એર ઓફીસર્સ કમાન્ડીંગ** ૩,એરફોર્સ સિલેક્શન બોર્ડ, સેક્ટર–૨૫, ગાંધીનગર.
(મૂળ પ્રતિ. નં. ૨)	**૩)**	**એ.ઓ.સી. ઈન સી.** હેડ ક્વાટર્સ, સાઉથ વેસ્ટર્ન એર કમાન્ડ, ઈન્ડીયન એરફોર્સ, વાયુશકિત નગર, ચિલોડા રોડ, ગાંધીનગર.
(મૂળ પ્રતિ. નં.૩)	**૪)**	**સી.એ.એસ./એમ.ઓ.ડી.** એર હેડક્વાટર્સ (વાયુ ભવન) રફી માર્ગ, ન્યુ દિલ્હી ૧૧૦૧૦૬

(મૂળ પ્રતિ. નં.૪) **૫) પ્રિન્સીપાલ સી.ડી.એ. (પેન્શન)**

દ્રોપદીઘાટ, અલ્હાબાદ, ઉત્તરપ્રદેશ.

બાબત : રે.સી.સ્યુટ નં.પ૬ર/ર૦ર૩ ના કામેથી ઈન્ડીયન સક્સેશન એક્ટ : ૧૯ર૫ ની કલમ : ૩૭ર વારસા સર્ટીફિકેટ મેળવવાની અરજી હેઠળ કરેલ હુકમ અને હુકમનામા સામે સી.પી.સી. ઓર્ડર–૪૧ રૂલ–૧ અને કલમ : ૯૬ મુજબની અપીલ.

એપેલેન્ટ તરફે વિ. વકીલ શ્રી કે.બી.રાવલ

રીસ્પોન્ડન્ટ નં.૧ નાઓ તરફે વિ.વકીલ શ્રી બી.આર.શર્મા

રીસ્પોન્ડન્ટ નં.ર થી ૪ તરફે વિ.ડી.જી.પી.શ્રી પી.ડી.વ્યાસ

:: ચુકાદો ::

૧) ગાંધીનગરના બીજા એડિશનલ સિનિયર સિવિલ જજ શ્રીની કોર્ટમાં વારસા પરચૂરણ અરજી નંબર–ર૬૧/ર૦રર ની અરજી જે પછીથી રેગ્યુલર દીવાની મુકદ્દમા નંબર–પ૬ર/ર૦ર૩ તરીકે કન્વર્ટ કરવામાં આવી હતી, તે કામમાં વિદ્વાન ટ્રાયલ કોર્ટે તા.૦૧/૦૮/ર૦ર૫ ના રોજ આખરી હુકમ કર્યો અને તે હુકમ પ્રમાણે દાવો અંશતઃ મંજૂર કર્યો. વાદી નયનાબેન પરમાર તે ગુજરનાર દિલીપભાઈના કાયદેસરના પત્ની હોય, દિલીપભાઈ પરમારના વિધવા પત્ની ઠરાવવાની જાહેરાત કરી અને તેમના નામનું માંગ્યા મુજબનું વારસાઈ સર્ટિફિકેટ જરૂરી ફી ભર્યેથી ઇસ્યુ કરવાનો હુકમ કર્યો. આ હુકમથી નારાજ થઈને મૃત્યુ પામનાર દિલીપભાઈના માતા લલિતાબેન પરમાર દ્વારા આ અપીલ સિવિલ પ્રોસિજર કોડની કલમ : ૯૬ તથા ઓર્ડર : ૪૧ ની જોગવાઈ પ્રમાણે દાખલ કરવામાં આવેલી છે.

V.G.RANA
5 th Addl. District Judge,Gandhinagar

૨) <u>ટ્રાયલ કોર્ટ સમક્ષનું પ્રોસિડીંગ</u> :

૨.૧) ટ્રાયલ કોર્ટ સમક્ષ વારસા પર ચૂર્ણ અરજી નંબર ૨૬૧/૨૦૨૨ તા.૧૪/૧૦/૨૦૨૨ ના રોજ દાખલ કરવામાં આવી હતી. આ અરજીમાં સામાવાળા નંબર–૧ થી ૪ તરીકે એરફોર્સ કમાન્ડિંગ ઓફિસર અને એરફોર્સના અન્ય અધિકારીઓને જોડવામાં આવ્યા હતા. જ્યારે સામાવાળા નંબર–૫ તરીકે લલિતાબેન પરમાર જે મૃત્યુ પામનાર દિલીપભાઈની માતા છે, તેમને દાખલ કરવામાં આવ્યા હતા. આ અરજી ઈન્ડિયન સકસેશન એક્ટ,૧૯૨૫ ની કલમ : ૩૭૨ પ્રમાણે વારસા સર્ટિફિકેટ મેળવવા માટે રજૂ કરેલી હતી.

૨.૨) અરજીમાં અરજદાર નયનાબેનની રજૂઆત એવી હતી કે, તા.૨૫/૦૬/૨૦૧૯ ના રોજ ધડકણ, તાલુકો પ્રાંતીજ, જિલ્લો સાબરકાંઠા ખાતે દિલીપભાઈ સાથે લગ્ન કર્યા હતા અને તેઓ દિલીપભાઈના પત્ની થયા હતા અને સાથે લગ્નજીવન વ્યતીત કરતા હતા. પરંતુ દિલીપભાઈ પરમારનું તા.૧૩/૦૭/૨૦૨૧ ના રોજ અવસાન થયું છે. દિલીપભાઈ ઈન્ડિયન એરફોર્સમાં મલ્ટીટાસ્કિંગ સ્ટાફમાં તા.૦૧/૦૪/૨૦૧૬ ના રોજ નોકરીમાં જોડાયેલા હતા. દિલીપભાઈના મૃત્યુ પછી પત્ની તરીકે અરજદાર નયનાબેન કાયદેસરના વારસદાર છે. જે વખતે નોકરીમાં જોડાયા તે વખતે નયનાબેન સાથે લગ્ન થયેલા ના હોવાથી નોમિની તરીકે માત્ર સામાવાળા નંબર–૫ લલિતાબેનનું નામ લખાવેલું હતું. પરંતુ જ્યારે દિલીપભાઈ મૃત્યુ પામ્યા ત્યારે તેમના લગ્ન થઈ ચૂક્યા હતા અને તેથી પત્ની તરીકે હાલના અરજદારનો કાયદેસરનો હક અધિકાર છે, જે લેવા માટે એરફોર્સના અધિકારીનો સંપર્ક

કરતાં લગ્નના પ્રમાણપત્રની માંગણી કરતાં અરજદારે લગ્નનો પુરાવો મેળવવા માટે તલાટી કમ મંત્રી ધડકણ ગ્રામ પંચાયતનો સંપર્ક કર્યો હતો અને તલાટી પાસેથી દાખલો મેળવ્યો હતો. જે દાખલો એરફોર્સ ઓથોરિટીએ માન્ય રાખ્યો ન હતો. દિલીપભાઈના મૃત્યુ બાદ મળવાપાત્ર ગ્રેજ્યુએટી, પ્રોવિડન્ટ ફંડ, વીમો, વેલ્ફેર તેમજ રહેમરાહે નોકરી માટે તથા પેન્શનના તમામ લાભો ખોટી રીતે લલિતાબેનને આપવામાં આવી રહ્યા છે. તે વાતની અરજદારને જાણ થતા અરજદારે દિલીપભાઈના પત્ની તરીકેના અધિકારો અને લાભો સામાવાળા નંબર–૧ થી ૪ અરજદારને આપે તે માટે વારસાઈ સર્ટિફિકેટ મેળવવા હાલની અરજી દાખલ કરેલી છે.

– આ અરજીમાં અરજદારે એવી દાદ માંગેલી હતી કે, અરજદાર હિન્દુ શાસ્ત્રોક્ત વિધિથી દિલીપભાઈ સાથે લગ્ન કરેલા હતા તેથી તેમના પત્ની છે અને દિલીપભાઈના મૃત્યુ પછી તેમના સીધીલીટીના વારસદાર છે તેવું કોર્ટ ઠરાવી આપે અને તે મુજબનું વારસાઈ સર્ટિફિકેટ કાઢી આપે **તથા** પતિ દિલીપભાઈના મૃત્યુ પછી ઈન્ડિયન એરફોર્સમાંથી સામાવાળા નંબર–૫ લલિતાબેન પરમારને જે લાભ સામાવાળા નંબર–૧ થી ૪ આપી રહ્યા છે તે તાત્કાલિક બંધ કરે. સામાવાળા નંબર–૧ થી ૪ પાસેથી સામાવાળા નંબર–૫ દ્વારા દિલીપભાઈના મૃત્યુ પછી જે કોઈ રકમ અને લાભ મેળવ્યા હોય તે રિકવરી કરીને અરજદારને ચૂકવી આપે.

૨.૩) આ અરજીના કામે આંક–૧૫ થી સામાવાળા નંબર–૫ લલિતાબેને જવાબ રજૂ કર્યો અને તેમાં જણાવ્યા પ્રમાણે અરજદારની અરજી ખોટી છે. અરજદારે દિલીપભાઈ સાથે લગ્ન કર્યા હોવાની વાત સ્વીકારી નથી અને

અરજદાર દિલીપભાઈના વિધવા પત્ની હોવાની વાત પણ નકારી છે, અને તેથી અરજદાર એરફોર્સ પાસેથી કોઈ પણ લાભ મેળવવા માટે હકદાર નથી. તે મતલબનો જવાબ રજૂ કરતા, વારસા પરચૂરણ અરજીમાં તકરાર ઉપસ્થિત થતાં વિ. ટ્રાયલ કોર્ટે તા.૧૪/૧૨/૨૦૨૩ ના રોજ વારસા પરચૂરણ અરજીને રેગ્યુલર દીવાની મુકદમા તરીકે રજીસ્ટર લેવાનો હુકમ કર્યો છે. તદઅનુસાર આ વારસા પરચૂરણ અરજી રેગ્યુલર દીવાની મુકદ્મા તરીકે રજીસ્ટરે લેવામાં આવેલ છે.

૨.૪) વિદ્વાન ટ્રાયલ કોર્ટે અરજીનો ન્યાયિક નિર્ણય કરવા માટે આંક-૧૬ થી મુદ્દા નક્કી કર્યા છે. જે નીચે પ્રમાણે છે :

શું વાદી પુરવાર કરે છે કે ગુજરનાર દિલીપભાઈ પરમારના કાયદેસરના પત્ની છે?

શું વાદી પુરવાર કરે છે કે તેઓ વારસાઈ સર્ટિફિકેટ મેળવવા માટે હકદાર છે?

શું વાદી પુરવાર કરે છે કે પ્રતિવાદી નંબર-૫ ને મળેલી તમામ રકમ વાદી મેળવવા માટે હકદાર છે?

શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકદાર છે?

શું હુકમ અને હુકમનામુ?

૨.૫) **<u>પક્ષકારો તરફથી રજૂ થયેલો પુરાવો</u> :**

– વિદ્વાન ટ્રાયલ કોર્ટે તેમના ચુકાદામાં જે નોંધ કરી છે તે પ્રમાણે વાદી નયનાબેન તરફથી તેમની જુબાની આંક-૧૭ થી રજૂ કરવામાં આવી છે. અને નયનાબેન તથા દિલીપકુમારના લગ્નનો ફોટો આંક-૪૩ થી રજૂ કરેલો છે.

V.G.RANA
5 th Addl. District Judge,Gandhinagar

– પ્રતિવાદી તરફથી જે પુરાવા રજૂ કરવામાં આવ્યા છે તેમાં જીતેન્દ્ર કુમાર લેઉવા ની જુબાની આંક–૨૩ થી રજૂ કરવામાં આવી છે. લલિતાબેન પરમાર ની જુબાની આંક–૪૨ થી રજૂ કરવામાં આવી છે. પ્રતિવાદી નંબર–૧ થી ૫ તરફથી કુલ–૧૫ જેટલા દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવ્યા છે. જે દાવાના રેકર્ડમાં આંક–૨૫ થી આંક–૩૯ સુધી સામેલ રાખવામાં આવેલા છે.

૩) આ અરજીના ન્યાયિક નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :

:: <u>મુદ્દા</u> ::

૩.૧) શું વિદ્વાન ટ્રાયલ કોર્ટ સમક્ષ એ હકીકત સાબીત થઈ છે કે, અરજદાર નયનાબેન મૃત્યુ પામનાર દિલીપભાઈના પત્ની છે?

જવાબ– હકારમાં.

૩.૨) શું વિદ્વાન ટ્રાયલ કોર્ટ સમક્ષ દાખલ કરવામાં આવેલી અરજીમાં જાહેર નોટિસ ઈશ્યુ કરવામાં આવી ન હોય અને દૈનિક વર્તમાન પત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવેલી ન હોય તે કારણસર અરજી નામંજૂર કરવા પાત્ર બને છે?

જવાબ– નકારમાં.

૩.૩) શું વિદ્વાન ટ્રાયલ કોર્ટે જે હુકમ જાહેર કર્યો છે તે હુકમ રજૂ થયેલા પુરાવાઓનું યોગ્ય રીતે મૂલ્યાંકન કરીને કરવામાં આવેલો હુકમ છે?

જવાબ– હકારમાં.

૩.૪) શું વિદ્વાન ટ્રાયલ કોર્ટ દ્વારા જાહેર કરવામાં આવેલા હુકમમાં કોઈ પણ ફેરફાર કરવાની આવશ્યકતા છે?

જવાબ– અંશત: હકારમાં.

૩.૫) શું હુકમ?

જવાબ– આખરી હુકમ મુજબ.

૪) :: <u>દલીલો</u> ::

૪.૧) એપેલેન્ટ તરફે વિદ્વાન વકીલ શ્રી કે બી રાવલ દ્વારા રજૂઆત કરવામાં આવી છે કે, વિદ્વાન ટ્રાયલ કોર્ટ સમક્ષ વારસા પરચુરણ અરજી દાખલ કરવામાં આવેલી હતી. જેમાં તા.૦૧/૦૮/૨૦૨૫ ના રોજ હુકમ કરવામાં આવ્યો છે. જ્યારે કોઈ પણ વારસા પરચુરણ અરજી દાખલ કરવામાં આવતી હોય અને વારસા સર્ટિફિકેટ મેળવવાનું હોય ત્યારે કાયદાની જોગવાઈ પ્રમાણે એ નિયમ છે કે જાહેર નોટિસ પ્રસિદ્ધ કરવી જોઈએ, પરંતુ આ કિસ્સામાં જાહેર નોટિસ પ્રસિદ્ધ કરવામાં આવી નથી. તેથી કરવામાં આવેલો હુકમ કાયદાની જોગવાઈ મુજબનો ન હોય તે રદ્દ થવા પાત્ર છે.

વધુમાં એવી રજૂઆત કરી છે કે ભારતીય પુરાવા અધિનિયમની કલમ : ૧૦૧ ની જોગવાઈ પ્રમાણે જે અરજી લઈને વિદ્વાન ટ્રાયલ કોર્ટ સમક્ષ ગયું હોય તેણે પોતાની અરજીની હકીકતો અંગે પુરાવો આપવો જરૂરી છે. અરજદાર દ્વારા તેમની અરજીના સમર્થનમાં જે પુરાવા રજૂ કરવા જોઈએ તેવા કોઈ જ પુરાવા રજૂ કર્યા નથી તેમ છતાં વિદ્વાન ટ્રાયલ કોર્ટે અરજદારની તરફેણમાં હુકમ કર્યો છે, તે હુકમ યોગ્ય નથી. અરજદારે વિદ્વાન ટ્રાયલ કોર્ટ સમક્ષ એવું

સાબિત કરવું જરૂરી હતું કે અરજદાર મૃત્યુ પામનારના પત્ની થાય છે. પરંતુ આ સાબિત કરવા માટે કોઈ જ પુરાવો રજૂ કર્યો નથી. તેમ છતાં વિદ્વાન ટ્રાયલ કોર્ટે એવું અનુમાન કરી લીધું છે કે અરજદાર મૃત્યુ પામનારના પત્ની છે, જે યોગ્ય નથી. વિદ્વાન ટ્રાયલ કોર્ટે અનુમાન કરવા માટે નિશાની-૧૮/૧૦ નો આધાર લીધો, જે ઝેરોક્ષ નકલ છે. તે જ રીતે નિશાની-૧૮/૧૧ જે બ્રાહ્મણનું સોગંદનામું છે. આવા કોઈ બ્રાહ્મણ વિદ્વાન ટ્રાયલ કોર્ટ સમક્ષ પુરાવો આપવા માટે હાજર રહ્યા નથી. સોગંદ ઉપર કોર્ટ સમક્ષ પુરાવો આપ્યો નથી. માત્ર એફિડેવિટના આધારે વિદ્વાન ટ્રાયલ કોર્ટે એવું માની લીધું કે અરજદાર મૃત્યુ પામનારના પત્ની છે તે યોગ્ય નથી. તે સંજોગોમાં વિદ્વાન ટ્રાયલ કોર્ટે જે હુકમ કર્યો છે તે પણ અયોગ્ય છે. વિદ્વાન ટ્રાયલ કોર્ટ સમક્ષ ધડકણ ગ્રામ પંચાયતનો એક દાખલાની ઝેરોક્સ નકલ રજૂ કરવામાં આવી છે. આ દાખલો પણ પુરાવા અધિનિયમની જોગવાઈઓ પ્રમાણે સાબિત કરવામાં આવ્યો નથી. તેમ છતાં આ દાખલા ઉપર આધાર રાખીને હુકમ કરવામાં આવ્યો છે.

- હિન્દુ સક્સેશન એક્ટની કલમ-૮ માં જે જોગવાઈ છે તે પ્રમાણે તથા આજ કાયદાના શેડ્યુલમાં જે જોગવાઈ કરવા આપવામાં આવી છે તે મુજબ પણ, સામાવાળા મૃત્યુ પામનારની માતા થાય છે અને તે ક્લાસ-I મુજબના વારસદારો પૈકીના એક વારસદાર છે. તે સંજોગોમાં એરપોર્ટ ઓથોરિટી એરફોર્સ ઓથોરિટી તરફથી જે નિર્ણય લેવામાં આવ્યો છે તે નિર્ણય યોગ્ય હતો. કારણ કે મૃત્યુ પામનારે નોમિનેશન કર્યું તે વખતે માતાને પોતાના નોમિની દર્શાવેલા છે અને તેના આધાર ઉપર જ એરફોર્સ ઓથોરિટી દ્વારા

અરજદારની વિરુદ્ધમાં અને માતાની તરફેણમાં જે હુકમ કર્યો છે તેમાં કોઈ હસ્તક્ષેપ કરવા પાત્ર નથી.

– હાલના અરજદાર મૃત્યુ પામનારની સાથે પત્ની તરીકે પેથાપુરમાં રહેતા હતા તેવું માત્ર અરજીમાં જણાવ્યુ છે. પરંતુ પેથાપુરમાં કોના મકાનમાં રહેતા હતા? કોણ પડોશી હતા? તે અંગેનો પણ કોઈ જ પુરાવો રજૂ કરવામાં આવ્યો નથી. વધુમાં કોઈ પેઢીનામું પણ રજૂ કરવામાં આવ્યું નથી. આ ઉપરાંત આંક–૪૩ થી ફોટોગ્રાફ રજૂ કરવામાં આવ્યા છે. પરંતુ આ ફોટોગ્રાફની સાથે કોઈ બિલ રજૂ કર્યા નથી. જાહેર નોટિસ પ્રસિદ્ધ કરવા માટે અરજી રજૂ કરી તેવું રેકર્ડમાં દેખાય છે, પરંતુ કોઈ જાહેર નોટિસ પ્રસિદ્ધ કરવામાં આવી નથી. તે સંજોગોમાં વિદ્વાન ટ્રાયલ કોર્ટે જે હુકમ કર્યો છે તે હુકમ યોગ્ય નથી, કાયદાની જોગવાઈ મુજબનો નથી, તે રદ કરવો જોઈએ અને અપીલ મંજૂર કરવી જોઈએ.

૪.૨) સામાવાળા નંબર–૧ તરફે વિ.વ. શ્રી બી આર શર્મા દ્વારા રજૂઆત કરવામાં આવી છે કે, સામાવાળા નંબર–૧ ના મૃત્યુ પામનાર દિલીપભાઈની સાથે તા.૨૫/૦૬/૨૦૧૯ ના રોજ લગ્ન થયા હતા. આ લગ્નની વિધિ ધડકણ ગામમાં થઈ હતી અને આ લગ્નની નોંધ ધડકણ ગ્રામ પંચાયતમાં કરવામાં આવી હતી. આ લગ્ન થયા પછી મૃત્યુ પામનાર દિલીપભાઈ અને નયનાબેન પતિ–પત્ની તરીકે સાથે રહેતા હતા. દરમિયાન તા.૧૩/૦૭/૨૦૨૧ ના રોજ દિલીપભાઈનું મૃત્યુ થયેલું છે. દિલીપભાઈ તા.૦૧/૦૪/૨૦૧૬ માં એરફોર્સમાં નિમણૂક પામ્યા હતા અને ત્યારે તેઓ

અપરણીત હતા. તે સંજોગોમાં જ્યારે નોકરીમાં જોડાયા ત્યારે તેમણે નોમિનેશનમાં તેમની માતાનું નામ પોતાના નોમિની તરીકે લખાવ્યું હતું, પત્નીનું નામ લખાવ્યું ન હતું. કારણ કે જે વખતે નોકરીમાં જોડાયા ત્યારે અપરણીત હોવાથી પત્નીનું નામ લખાવવાનો કોઈ પ્રશ્ન રહેતો ન હતો. પરંતુ હવે નોકરીમાં જોડાયા બાદ દિલીપભાઈએ લગ્ન કર્યા હતા અને લગ્ન કર્યા પછી દિલીપભાઈના જે કોઈ મરણોત્તર લાભ મળવા પાત્ર છે તેના ઉપર પત્નીનો અધિકાર છે. તે સંજોગોમાં વિદ્ધાન ટ્રાયલ કોર્ટે જે હુકમ કર્યો છે તે હુકમ યોગ્ય છે. તેથી આ અપીલ નામંજૂર કરવા અને વિદ્ધાન ટ્રાયલ કોર્ટ દ્ધારા જે હુકમ કરવામાં આવ્યો છે તે હુકમને યથાવત રાખવા માટે વિનંતી કરેલી છે.

૪.૩) રિસ્પોન્ડન્ટ નંબર–૨ થી ૫ તરફે વિદ્ધાન સરકારી વકીલ શ્રી પી.ડી. વ્યાસ હાજર થયેલા છે અને તેમના દ્ધારા એવી રજૂઆત કરવામાં આવી છે કે તેઓ એરફોર્સને રિપ્રેઝન્ટ કરે છે. મૃત્યુ પામનાર દિલીપભાઈ એરફોર્સમાં નોકરી કરતા હતા અને તેમણે એરફોર્સમાં જે ફરજ બજાવી અને તે પછી મૃત્યુ પામ્યા તેના લીધે મરણોત્તર લાભ મળવા પાત્ર હતા તે પ્રમાણે તેમણે હુકમ કર્યો છે. અને તેમ છતાં કોર્ટ દ્ધારા જે કોઈ હુકમ કરવામાં આવે તે હુકમ પ્રમાણે પાલન કરવા માટે રિસ્પોન્ડન્ટ નંબર–૨ થી ૫ બંધાયેલા છે. આ સિવાય તેમને વિશેષ કોઈ રજૂઆત કરવાની નથી.

૫) **:: <u>કા ર ણો</u> ::**

૫.૧) ઉપર ઉલ્લેખ કર્યો છે તે પ્રમાણે હાલની અરજી મૂળભૂત રીતે ભારતીય વારસા અધિનિયમની કલમ : ૩૭૨ ની જોગવાઈ પ્રમાણે વારસા

સર્ટીફીકેટ મેળવવા માટે દાખલ કરવામાં આવેલી હતી અને આ અરજીના કામમાં સામાવાળા નંબર–૫ લલિતાબેન જે મૃત્યુ પામનારની માતા છે તેમના દ્વારા વિરોધ નોંધાવવામાં આવતા આ વારસા પરચુરણ અરજી નંબર–૨૬૧/૨૦૨૨ ને ત્યારબાદ રેગ્યુલર દીવાની મુકદમા નંબર–૫૬૨/૨૦૨૩ તરીકે કન્વર્ટ કરવામાં આવેલ છે અને ત્યારબાદ પુરાવો નોંધીને અરજીનો નિર્ણય કરવામાં આવ્યો છે.

૫.૨) આ સંદર્ભે વિદ્વાન ટ્રાયલ કોર્ટે તા.૧૪/૧૨/૨૦૨૩ ના રોજ જે હુકમ કર્યો છે તે જોવામાં આવે તો ભારતીય વારસા અધિનિયમની કલમ : ૨૯૫ ની જોગવાઈનો આધાર લઈને વારસા પરચુરણ અરજીને રેગ્યુલર દીવાની મુકદમા તરીકે રજીસ્ટરે લેવાનો આદેશ કર્યો છે. અહીં ભારતીય વારસા અધિનિયમની કલમ : ૨૯૫ ની જોગવાઈ ધ્યાન પર લેવી જરૂરી છે, જે નીચે મુજબ છે :

SECTION 295 : Procedure in contentious cases

In any case before the District Judge in. which there is contention, the proceedings shall take, as nearly as may be, the form of a regular suit, according to the provisions of the Code of Civil Procedure, 1908 (5 of 1908) in which the petitioner for probate or letters of administration, as the case may be, shall be the plaintiff, and the person who

V.G.RANA
5 th Addl. District Judge,Gandhinagar

has appeared to oppose the grant shall be the defendant.

– આ જોગવાઈ જોવામાં આવે તો, તે એવા ઉદ્દેશથી કરવામાં આવેલું પ્રોવિઝન છે કે જ્યારે કોઈ મૃત્યુ પામનારનો વારસદાર છે તેવો ક્લેઈમ કરીને કોર્ટ સમક્ષ આવ્યો હોય, તે વાતને નકારવા માટે કોઈ ઉપસ્થિત થયું ન હોય, તો તેવા સંજોગોમાં વારસા સર્ટિફિકેટ ઇશ્યુ કરવામાં આવતું હોય છે. પરંતુ આવી અરજી દાખલ થાય, તેની સામે કોઈ વાંધો નોધાવે, અને જેણે સર્ટિફિકેટની માંગણી કરી છે તે વ્યક્તિ વારસદાર નથી તેવી હકીકત જાહેર કરે, તો તેવા સંજોગોમાં ખરેખર વારસા સર્ટિફિકેટ અરજદારની તરફેણમાં ઇશ્યુ કરવા પાત્ર છે કે કેમ, તેનો નિર્ણય પુરાવા નોંધીને કરવાનો રહે છે. જ્યારે અરજીનો નિર્ણય ગુણદોષ ઉપર પુરાવા નોંધીને કરવાનો હોય ત્યારે વારસા પરચુરણ અરજી જાણે કે દીવાની મુકદ્દમો હોય તે પ્રમાણે રજુ થયેલા પુરાવાઓને મૂલ્યાંકન કરીને આગળ વધવાનું રહે છે. ભારતીય વારસા અધિનિયમની કલમ– ૨૯૫ નો એવો બિલકુલ ઉદ્દેશ નથી કે જે અરજીને વારસા પરચૂરણ અરજી તરીકે રજીસ્ટર લીધી હોય તે અરજીને રેગ્યુલર દીવાની મુકદમા તરીકે કન્વર્ટ કરવી જોઈએ. આ કલમનો ભાવ અને ઉદ્દેશ્ય એવો છે કે જ્યારે કોઈ વાંધો લઈને આવ્યું હોય તો તેવા વખતે ઉભય પક્ષ તરફથી રજૂ કરવામાં આવેલા પુરાવાઓને ધ્યાને લઈને ગુણદોષ ઉપર જાણે કે કોર્ટ દાવો ચલાવતી હોય અને દાવાનો ન્યાયિક નિર્ણય ગુણદોષ ઉપર કરતી હોય ત્યારે જે પ્રોસિજર ફોલો કરે તેવી પ્રોસિજર ફોલો કરીને પુરાવાઓનું

V.G.RANA
5 th Addl. District Judge,Gandhinagar

મૂલ્યાંકન કરીને અરજીનો નિર્ણય કરવો જોઈએ. વારસા પરચુરણ અરજીને અલગથી રેગ્યુલર દીવાની મુકદમા નંબર આપવાની કોઈ આવશ્યકતા રહેતી નથી.

– આ અરજીને દાવા તરીકે નોંધવાથી શુ વિસંગતતાઓ ઊભી થાય તેનો વિચાર કરીએ તો, અરજીને દાવો બનાવ્યો હોવાથી વિદ્વાન ટ્રાયલ કોર્ટે આખરી હુકમ કર્યો, તે આખરી હુકમમાં એવો નિર્દેશ કર્યો કે **"હુકમ મુજબ હુકમનામું દોરવું"** અર્થાત જાણે કે વારસા પરચુરણ અરજી, સિવિલ કોર્ટની ડિક્રી હોય તે પ્રમાણે તેનુ સ્વરૂપ બદલાયું. જ્યારે સિવિલ કોર્ટ કોઈ ડિક્રી પાસ કરે તો તેની સામે અપીલ કરવા માટેના જુદા પ્રોવિઝન છે અને સિવિલ કોર્ટ કોઈ હુકમ કરે ત્યારે તેની સામે અપીલ કરવા માટેના પ્રોવિઝન બિલકુલ જુદા જ છે.

– વધુમાં, ભારતીય વારસા અધિનિયમમાં પણ સક્સેસન સર્ટિફિકેટ મેળવવાની અરજીમાં હુકમ કરવામાં આવ્યો હોય તે હુકમની સામે અપીલ કરવા માટે **કલમ : ૩૮૪** માં જોગવાઈ કરવામાં આવેલી છે. તેથી પણ આ અરજીને રેગ્યુલર દીવાની મુકદમો ગણી લેવામાં આવે તો વિસંગત પરિસ્થિતિઓનું નિર્માણ થાય.

– તે સંજોગોમાં સિવિલ કોર્ટ જ્યારે વારસા પરચુરણ અરજીનો નિર્ણય કરતી હોય, તો તે વખતે હુકમનામું દોરવાની કોઈ આવશ્યકતા રહેતી નથી. અને વારસા પરચુરણ અરજી ભલે કોન્ટેસ્ટેડ અર્થાત સામે કોઈ વિરોધ લઈને આવ્યું હોય તેના વાંધા સાંભળીને પુરાવો લઈને નક્કી કરી હોય તેમ છતાં તે રેગ્યુલર દીવાની મુકદ્દમો બની જતી નથી અને તેમાં હુકમનામું દોરવાની કોઈ

આવશ્યકતા રહેતી નથી, તેટલા પૂરતું વિદ્ધાન ટ્રાયલ કોર્ટે જે હુકમ કર્યો છે તે હુકમમાં ફેરફાર કરવાની આવશ્યકતા છે તેમ માનું છું.

પ.૩) વિદ્ધાન ટ્રાયલ કોર્ટનો ચુકાદો આંક–૪૯ થી જાહેર કરવામાં આવેલો છે. આ ચુકાદાના પેજ નંબર– ૨૩ સુધી જે નોંધ છે તે પ્રમાણે જે પુરાવાઓ રજૂ થયા તેની વિગતો લખવામાં આવી છે. આ ઉપરાંત મૌખિક પુરાવામાં ઉલટ તપાસમાં જે હકીકતો જણાવવામાં આવી તેનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. વિદ્ધાન ટ્રાયલ કોર્ટના ચુકાદાના પેજ નંબર–૨૪ થી રજૂ થયેલા પુરાવાનું મૂલ્યાંકન શરૂ કરવામાં આવ્યું છે. જેમા પેરેગ્રાફ નંબર–૧૭ માં એવી નોંધ કરી છે કે, અરજદાર નયનાબેન અને મૃત્યુ પામનાર દિલીપભાઈ સાથે રહેતા હતા તે બાબત બિનવિવાદિત રહેલી છે. તેને રીબર્ટલ કરી શકે તેવો કોઈ પણ પુરાવો પ્રતિવાદી લલિતાબેન તરફથી આપવામાં આવ્યો નથી. આ ઉપરાંત વિદ્ધાન ટ્રાયલ કોર્ટે એવું પણ અવલોકન કર્યું છે કે, મૃત્યુ પામનાર સને ૨૦૧૯ થી અલગ રહેતા હતા તે બાબત પણ બિનવિવાદિત છે. મૃત્યુ પામનાર પ્રતિવાદી નંબર–પ લલિતાબેનના દીકરા થતા હતા તે બાબત પણ બિનવિવાદિત છે.

પ.૪) નયનાબેન મૃત્યુ પામનાર દિલીપભાઈના પત્ની છે કે કેમ? આ મુદ્દા સંદર્ભે વિદ્ધાન ટ્રાયલ કોર્ટ સમક્ષ જે પુરાવાઓ રજૂ થયેલા હતા તે જોવામાં આવે તો નયનાબેને સોગંદ ઉપર પોતાની જુબાની આપેલી છે. અને નયનાબેને પોતાની જુબાનીના સમર્થનમાં તેમના લગ્નની કંકોત્રીની નકલ મૂકી છે. આ ઉપરાંત લગ્ન સમયે લેવામાં આવેલા ફોટોગ્રાફ રજૂ કરેલા છે.

V.G.RANA
5 th Addl. District Judge,Gandhinagar

ઉલટ તપાસમાં એ હકીકત સામે આવી છે કે દિલીપભાઈ સાથે લગ્ન થયું તે બદલ મેરેજ સર્ટિફિકેટ અર્થાત લગ્ન નોંધણી કરાવેલી નથી. આ સંદર્ભે એ નોંધીએ છીએ કે મેરેજ સર્ટિફિકેટ કે લગ્નની નોંધણી કરાવવી જરૂરી છે. પરંતુ લગ્નની નોંધણી કરાવી ન હોય તેટલા માત્રથી લગ્ન થયા જ નથી તેવા તારણ ઉપર પહોંચી શકાય નહીં. અરજદારે એ વાતનો ખુલાસો કર્યો છે કે તેના લગ્નની નોંધણી કરવામાં આવી નથી તેનું કારણ કોરોનાનો સમયગાળો હતો. લગ્નની તારીખ જે લખવામાં આવેલી છે તે પ્રમાણે તા.૨૫/૦૬/૨૦૧૯ ના રોજ આ લગ્ન થયેલા હતા. તે વખતે કોરોના વાયરસ ફેલાયો તેનો સમયગાળો શરૂ થયો ન હતો. પરંતુ ત્યાર પછી ૨૦૨૦-૨૧ ના સમયગાળામાં કોરોના વાયરસનો ફેલાવો થયેલો હતો. બની શકે છે કે જ્યારે લગ્ન થયા તે વખતે તરત જ લગ્ન નોંધણી કરાવવા માટે ગયા ન હોય અને પછી કોરોના વાયરસનો સમયગાળો હોવાથી નોંધાવી શક્યા ન હોય. પરંતુ લગ્ન નોંધાવ્યા નથી, તેથી લગ્ન થયા જ નથી તેવી દલીલ વ્યાજબી નથી. ખાસ કરીને જ્યારે અરજદારે પોતાના લગ્ન સમયના ફોટોગ્રાફ અને કંકોતરી પણ રજૂ કરેલી છે તે ધ્યાને લેતા અરજદારની વાત ઉપર શંકા કરવી ઉચિત નથી.

- વધુમાં, અરજદાર તરફથી રજૂ કરેલા ડોક્યુમેન્ટમાં સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા દ્વારા પત્ર લખવામાં આવ્યો તે પત્રની નકલ રજૂ કરેલી છે. આ ઉપરાંત બ્રાહ્મણનું સોગંદનામાની નકલ રજૂ કરેલી છે. જે ગામમાં લગ્ન થયા તે ગામના ગ્રામ પંચાયતનો સરપંચ દ્વારા આપવામાં આવેલો દાખલો રજૂ કરવામાં આવ્યો છે. આ બધા ડોક્યુમેન્ટ અસલ રજૂ કર્યા નથી ઝેરોક્સ નકલ કરીને રજૂ કરેલા છે. એપેલન્ટ તરફથી એવી રજૂઆત કરવામાં આવી કે આ

ડોક્યુમેન્ટ પુરાવા અધિનિયમની જોગવાઈ મુજબ સાબિત થયેલા નથી. એપેલન્ટની એ રજૂઆત સાચી છે કે ડોક્યુમેન્ટ સાબિત કરવા માટે અસલ રજૂ કરવા જોઈએ. પરંતુ અરજદારે અસલ ડોક્યુમેન્ટ રજૂ કર્યા નથી. પરંતુ સાથે સાથે આ અપીલના સામાવાળા નંબર–૧/મૂળ વારસા પરચુરણ અરજીના સામાવાળા નંબર–૫ એટલે કે લલિતાબેન ની ઉલટ તપાસ જોવામાં આવે તો તેમણે ઉલટ તપાસમાં જણાવ્યું છે કે તેમના દીકરા દિલીપના લગ્ન નયનાબેન સાથે ક્યારે થયા તે લલિતાબેન જાણતા નથી. લલિતાબેને નયનાબેન સાથે દિલીપના લગ્ન થયા જ નથી, તેવો કોઈ સ્પષ્ટ ઇનકાર કર્યો નથી માત્ર તેમને ખબર નથી તેવું જણાવ્યું. લગ્ન સમયે લેવામાં આવેલા ફોટોગ્રાફ લલિતાબેનને બતાવવામાં આવ્યા. આ ફોટોગ્રાફ જોઈને લલિતાબેને માત્ર પોતાના પુત્ર દિલીપના ફોટાને ઓળખી બતાવ્યો પરંતુ દિલીપની સાથે નયનાનો ફોટોગ્રાફ જોઈને એવું કહ્યું કે દીકરાના ફોટાની સાથે કઈ સ્ત્રી છે તેને હું ઓળખતી નથી. વધુમાં, રજૂ થયેલા ફોટોગ્રાફ જોવામાં આવે તો આ ફોટોગ્રાફમાં એવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે કે, આ લગ્ન સમયે નયનાબેન અને દિલીપના સ્વજનોની હાજરી હતી, અને વિધિપૂર્વક લગ્ન કરવામાં આવેલા છે તેથી ભલે બ્રાહ્મણનો પુરાવો રજૂ કરવામાં આવ્યો નથી. માત્ર એફિડેવિટની ઝેરોક્સ નકલ કાઢીને મૂકી દીધી છે, પરંતુ રજૂ થયેલા ફોટોગ્રાફ જોતાં લગ્નની વિધિ થઈ હતી તે વાત સ્પષ્ટ રીતે ફલિત થઈ રહી છે.

– આ ફોટોગ્રાફ સંદર્ભે ઉલટ તપાસમાં એવું પૂછવામાં આવ્યું કે, દિલીપની સાથે જે સ્ત્રી છે તે દિલીપની પત્ની છે. એના જવાબમાં લલિતાબેને એવું કહ્યું કે, હું ઓળખતી નથી અને એવું પણ કહ્યું કે, દિલીપના લગ્ન તો

દહીયોલ ગામની ભાવનાબેન સાથે થયા હતા. પછી ઉલટ તપાસમાં કહ્યું કે, ભાવના સાથે દિલીપના છૂટાછેડા થઈ ગયા હતા. વધુમાં ઉલટ તપાસમાં એવું પણ કહ્યું કે લગ્ન પહેલા દિલીપ લલિતાબેનની સાથે રહેતો હતો અને પછી એકલો રહેતો હતો. આ પુરાવાને અરજદારના પુરાવાની સાથે જોવામાં આવે તો અરજદારે તેના પુરાવામાં એવું કહ્યું છે કે લગ્ન પછી દિલીપ અને નયના બંને પેથાપુર ખાતે રહેતા હતા તે વાતને અહીં સમર્થન પ્રાપ્ત થાય છે.

– વધુમાં, લલિતાબેનનો પુત્ર દિલીપનું અપમૃત્યુ અર્થાત દિલીપે આત્મહત્યા કરી અને પોતાના જીવનનો અંત આણ્યો, એવો બંને પક્ષનો કેસ છે. આ સંદર્ભે લલિતાબેનની ઉલટ તપાસમાં તેમણે કબુલ્યુ કે જ્યારે દિલીપ મૃત્યુ પામ્યો તે વખતે પોલીસ કેસ થયો હતો અને પોલીસે લલિતાબેનનો જવાબ લીધો હતો. લલિતાબેને એવું કહ્યું કે પોતે અંગૂઠો કરે છે. પોલીસે તા.૨૮/૦૭/૨૦૨૧ ના રોજ જવાબ લીધો હતો કે કેમ તે લલિતાબેનને ખબર નથી. પરંતુ પોલીસ પોલીસે દિલીપના આત્મહત્યાથી મૃત્યુ સંબંધે જવાબ લીધો હતો, તે વાત સ્વીકારી છે. વધુમાં, લલિતાબેને તેમના પુરાવામાં એવું પણ કહ્યું છે કે તેમને બે દીકરા છે જેમાંના મોટા દીકરાનું નામ ઉપેન્દ્ર છે. ઉપેન્દ્રના લગ્ન વિમળાબેન સાથે થયા છે. આ ઉલટ તપાસ થઈ તે પછી અરજદાર તરફથી પોલીસે દિલીપની આત્મહત્યા પ્રકરણમાં જે સ્ટેટમેન્ટ નોંધ્યા તે સ્ટેટમેન્ટની ખરી નકલની ઝેરોક્ષ રજૂ કરેલી છે. જેમાં એવું ફલિત થઈ રહ્યું છે કે પોલીસે લલિતાબેનના મોટા પુત્ર ઉપેન્દ્રનું સ્ટેટમેન્ટ નોંધ્યું છે. આ ઉપરાંત ઉપેન્દ્રની પત્ની વિમળાબેન અને લલિતાબેનના સ્ટેટમેન્ટ પણ નોંધ્યા છે. આ તમામ સ્ટેટમેન્ટમાં એવું જણાવવામાં આવ્યું છે કે

લલિતાબેનનો પુત્ર દિલીપના લગ્ન નયનાબેન સાથે કરવામાં આવેલા છે અને દિલીપ નયનાબેન સાથે ગાંધીનગર જીઈબી કોલોની ખાતે અલગ રહેતો હતો. એવું પણ જણાવવામાં આવેલું છે કે દિલીપભાઈના આ બીજા લગ્ન હતા. દિલીપભાઈના પ્રથમ લગ્ન ધણીયોલ ગામે થયા હતા. તેની સાથે છૂટાછેડા થયા પછી નયનાબેન સાથે લગ્ન થયા હતા. નયનાબેન સાથેના લગ્ન ધણકણ ગામ સાથે થયા ખાતે થયા હતા. આ ડોક્યુમેન્ટને આંક આપવામાં આવ્યો નથી. કારણ કે ખરી નકલની ઝેરોક્ષ તરીકે આ ડોક્યુમેન્ટ રજૂ કરવામાં આવ્યા છે અને દાવામાં અરજદાર વાદીનો પુરાવો પૂર્ણ થઈ ગયો અને લલિતાબેનની ઉલટ તપાસ થઈ તે વખતે આ ડોક્યુમેન્ટ રજૂ કરવામાં આવ્યા હતા. આ ડોક્યુમેન્ટ લલિતાબેનને રીફર કરાવવામાં આવ્યા નથી. પરંતુ લલિતાબેને એ વાત સ્વીકારી કે દિલીપના આપઘાતથી મૃત્યુના કેસમાં પોલીસે તેમનો જવાબ લીધો હતો અને પોલીસે જે જવાબ લીધો તે રજૂ કરવામાં આવ્યો જેમાં એવો ઉલ્લેખ છે કે, દિલીપના લગ્ન નયનાબેન સાથે થયા હતા, અને તેઓ લગ્ન પછી પેથાપુર જીઈબી કોલોની ગાંધીનગર ખાતે રહેતા હતા.

– આમ, સમગ્રપણે જોતા નયનાબેનના લગ્ન દિલીપ સાથે થયા હતા તે વાત પુરવાર થયેલી છે અને વિદ્વાન ટ્રાયલ કોર્ટે આ વાત પુરવાર થયેલી માની તે તારણની સાથે આ અદાલત પણ સહમત છે.

૫.૫) આ અપીલના સામાવાળા નંબર–૨ થી ૫ તરફથી જે જવાબ રજૂ કરવામાં આવ્યો છે અને પોતાનો કેસ રજૂ કરવામાં આવ્યો છે તેમાં એવું જણાવવામાં આવ્યું છે કે, જ્યારે દિલીપભાઈ એરફોર્સમાં નોકરીમાં જોડાયા તે વખતે તેમણે નોમિની તરીકે તેમની માતા લલિતાબેનનું નામ લખાવેલું હતું.

લલિતાબેને પણ તેમના પુરાવામાં એવું કહ્યું કે દિલીપભાઈએ નોમિની તરીકે પોતાનું અર્થાત લલિતાબેનનું નામ લખાવ્યું છે તેથી દિલીપભાઈના મૃત્યુ પછીના જે મરણોત્તર લાભ છે તે મેળવવા માટે લલિતાબેન હકદાર છે અને તેથી એરફોર્સ દ્વારા દિલીપભાઈના મૃત્યુ પછી ગ્રેજ્યુઈટી વીમા વગેરેની જમા થયેલી જે રકમ જે રૂા.૪,૨૨,૦૦૦/- જેટલી આશરે હતી, તે લલિતાબેનને ચૂકવી તે હુકમ યોગ્ય છે. જ્યારે નયનાબેનનું કહેવાનું એમ છે કે, નયનાબેન દિલીપભાઈના પત્ની છે, તેથી જે લાભ દિલીપભાઈના મૃત્યુ પછી એરફોર્સ માંથી મળવાપાત્ર છે તે લાભ મેળવવા માટે નયનાબેન હકદાર છે.

– દિલીપભાઈ જ્યારે નોકરીમાં જોડાયા ત્યારે તેમણે પોતાના નોમિની તરીકે લલિતાબેનનું નામ લખાવ્યું હતું અને લલિતાબેનનું નામ નોમિની તરીકે હતું, તે વિવાદિત નથી. તે વાતનો આધાર લઈને અને નયનાબેન પાસેથી તેઓ દિલીપભાઈના પત્ની છે તેવું બતાવતા ડોક્યુમેન્ટની માંગણી કરવામાં આવી જે નયનાબેન એરફોર્સ ઓથોરિટીને આપી ન શક્યા તેથી દિલીપભાઈના મૃત્યુ પછીના જે મરણોત્તર લાભ મળવાપાત્ર હતા તે આ અપીલના સામાવાળા નંબર-૨ થી ૫ નાઓ દ્વારા લલિતાબેનને ચૂકવી દેવામાં આવ્યા છે.

– આમ, દિલીપભાઈએ તેમના નોમિની તરીકે લલિતાબેનનું નામ લખ્યું. તેથી દિલીપભાઈના મૃત્યુ પછીના મરણોત્તર લાભ લલિતાબેનને ચૂકવવાનો સામાવાળા નંબર- થી ૫ દ્વારા નિર્ણય કરવામાં આવ્યો છે. આ સંદર્ભે કોઈ પણ વ્યક્તિ પોતાના મૃત્યુ પછી નોમિની તરીકે જેનું નામ લખીને જાય, તે નોમિનીના શું અધિકાર રહે તે સંદર્ભે નામદાર સુપ્રીમ કોર્ટનો **શરબતી**

દેવીના કેસમાં આપેલો ચુકાદો અને ત્યાર પછી **Shipra Sengupta vs Mridul Sengupta** & **Ors AIRONLINE** 2009 **SC** 408 ના કેસમાં આપેલા ચુકાદા તરફ દ્રષ્ટિપાત કરવો જરૂરી છે જે નીચે મુજબ છે.

> "13. The appellant submitted that according to the settled legal position crystallized by the judgment of Sarbati Devi (supra), the principle of law is that the nomination is only the hand which accepts the amount and a nomination does not confer any beneficial interest in the nominee.
>
> 14. In Sarbati Devi (supra), this Court has laid down that a mere nomination does not have the effect of conferring to the nominee any beneficial interest in the amount payable under the life insurance policy, on death of the insurer. The nomination only indicates the hand which is authorized to receive the amount on payment of which the insurer gets a valid discharge of its liability under the policy. The amount, however, can be claimed by the heirs of the assured in accordance with the law of succession."

– ઉપરોકત ચૂકાદામાં જે ઠરાવ્યું છે તે પ્રમાણે લલિતાબેન નોમિની છે, તેનો અર્થ માત્ર એટલો જ થાય કે, મૃત્યુ પામનાર દિલીપના મૃત્યુ પછી એરફોર્સ ઓથોરિટી દ્વારા દિલીપભાઈની જમા થયેલી જે કોઈ રકમ હોય અથવા દિલીપભાઈને મૃત્યુ પછી મળવાપાત્ર જે કોઈ રકમ હોય તે દિલીપભાઈએ જેને નોમિની તરીકે જાહેર કર્યા તેમને દિલીપભાઈના નોમિની તરીકે આપવામાં આવે. એનો એવો અર્થ બિલકુલ થતો નથી કે દિલીપભાઈના મૃત્યુ સમયે જે મળવાપાત્ર લાભ છે તેના માત્ર લલિતાબેન માલિક થઈ જાય.

– અહીં રેકોર્ડ ઉપર એવું જાહેર થઈ ચૂક્યું છે કે દિલીપભાઈના મૃત્યુ પછી જે રકમ મળવાપાત્ર થતી હતી તે રકમ એરફોર્સ ઓથોરિટીએ લલિતાબેનને ચૂકવી દીધી છે. આ સંદર્ભે વિદ્વાન ટ્રાયલ કોર્ટ સમક્ષ એરફોર્સ ઓથોરિટી તરફથી તેમનો લેખિત જવાબ રજૂ કરવામાં આવ્યો હતો જેમાં એવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે દિલીપભાઈના મૃત્યુ પછી ગ્રેજ્યુઈટીની રકમ રૂ.૩,૨૮,૫૪૮/–, લીવ એનકેશમેન્ટની રકમ રૂ.૫૩,૬૯૩/–, આઈ.આર.એલ.એ બેલેન્સ રૂ.૨૮૦/–, એડવોક બોનસ રૂ.૬,૯૦૮/–, અને સેન્ટ્રલ ગવર્મેન્ટ એમ્પ્લોયીઝ ઇન્સ્યોરન્સ સ્કીમ હેઠળ રૂ.૩૨,૭૪૨/– ચૂકવવાપાત્ર થતા હતા. આ રકમ એરફોર્સ ઓથોરિટીએ લલિતાબેનને ચૂકવી દીધી છે. આમ લલિતાબેને જે રકમ પ્રાપ્ત કરી તે દિલીપભાઈના નોમિની તરીકે પ્રાપ્ત કરી. એરફોર્સ ઓથોરિટી (સામા. નં–૨ થી ૫) સમક્ષ જે વ્યક્તિનું નોમિનેશન કરવામાં આવ્યું હોય, તે વ્યક્તિ પોતાના મૃત્યુ પામેલા કર્મચારીની જમા થયેલી રકમ સ્વીકારવા માટે અધિકૃત વ્યક્તિ છે તેમ માની

રકમ લલીતાબેનને ચૂકવી. ઉપર ઉલ્લેખ કર્યો છે, તેમ માત્ર નોમિનેશન થવાથી ગવર્મેન્ટ ઓથોરિટી તરફથી પ્રાપ્ત થયેલી રકમના માલિક બની જવાતું નથી. તેથી એરફોર્સ ઓથોરિટીએ દિલીપભાઈની મૃત્યુ પછીની મળવાપાત્ર રકમ લલિતાબેનને ચૂકવી તે રકમ તે માટેના નિયમો મુજબ જે તે હક્કદાર વ્યક્તિ મેળવી શકે છે.

૫.૬) વિદ્વાન ટ્રાયલ કોર્ટે અરજદાર દ્વારા માંગવામાં આવેલી અન્ય દાદ આપી નથી અને તે માટે એવું કારણ આપ્યું કે, દિલીપભાઈની માતા તરીકે આ રકમ લલિતાબેને પ્રાપ્ત કરી છે, તેથી અરજીમાં માંગેલી બીજી કોઈ દાદ અરજદારને મળવાપાત્ર નથી, માત્ર વારસા સર્ટિફિકેટ મળવાપાત્ર છે તેવું ઠરાવ્યું.

– મારું એવું માનવું છે કે, જ્યારે વારસા સર્ટિફિકેટ મેળવવા માટે ભારતીય વારસા અધિનિયમ મુજબ કોર્ટમાં આવ્યા હોય તે વખતે કોર્ટ માત્ર વારસા સર્ટિફિકેટ લેવા આવનાર અધિકૃત છે કે કેમ, અને તેની તરફેણમા વારસા સર્ટી. ઇસ્યુ કરવા પાત્ર છે કે કેમ તેનો નિર્ણય કરતી હોય છે. આ નિર્ણય સિવિલ કોર્ટના હુકમનામા જેવો હુકમ નથી. તેથી અરજીમા માંગેલી બીજી દાદ આપી શકાય નહિ.

– વધુમાં એ પણ નોંધવા પાત્ર છે કે, વિદ્વાન ટ્રાયલ કોર્ટે જે હુકમ કર્યો, તે હુકમને નયનાબેને પડકાર્યો નથી. તે સંજોગોમાં પણ વિદ્વાન ટ્રાયલ કોર્ટે વારસાઈ સર્ટિફિકેટ સિવાયની જે કોઈ દાદ માંગી અને તે દાદ વિદ્વાન ટ્રાયલ કોર્ટે નામંજૂર કરી, તે હુકમમાં કોઈ હસ્તક્ષેપ કરવો ઉચિત નથી.

૫.૭) અહીં હાથ ઉપરના કેસમાં મૃત્યુ પામનાર દિલીપના મૃત્યુ પછી પેન્શનના જે લાભ મળવા પાત્ર છે તે સંદર્ભે આ લાભ નયનાબેનને પ્રાપ્ત થાય તે હેતુ માટે પણ વારસા સર્ટિફિકેટની માંગણી કરવામાં આવી છે. પેન્શન મેળવવાની બાબત ડેટ અથવા સિક્યુરિટી કહી શકાય નહીં. પરંતુ એરફોર્સ ઓથોરિટી દ્વારા જે પત્ર લખવામાં આવ્યો છે તે પ્રમાણે વારસાઈ સર્ટિફિકેટ વિના પેન્શન નયનાબેન ને પ્રાપ્ત થાય તેવો હુકમ કહી શકે તેમ નથી તે ધ્યાને લેતા નયનાબેન મૃત્યુ પામનાર દિલીપના પત્ની છે, તેવું સર્ટીફિકેટ આપવામાં આવે તે જરૂરી છે.

– આ કિસ્સામાં એરફોર્સ ઓથોરિટીએ દિલીપભાઈના મૃત્યુ પછી મળવાપાત્ર રકમો લલિતાબેનને નોમિની તરીકે ચૂકવી દીધી છે. આ પૂરેપૂરી રકમ અથવા તે રકમમાંથી નયનાબેન જે રકમ મેળવવા માટે હકદાર હોય તે રકમ નયનાબેન મેળવી શકે તે અર્થે તેમને અધિકૃત કરતું વારસાઈ સર્ટિફિકેટ આપવું જરૂરી છે. એરફોર્સ ઓથોરિટી તેમના પ્રવર્તમાન પેન્શન ચૂકવણી માટેના નિયમો તથા જે રકમો એરફોર્સ કોર્પોરેટીએ લલીતાબેન ને ચૂકવી દીધી છે તે અલગ અલગ હેડ મુજબની રકમ કેન્દ્ર સરકારના તે માટેના નિયમો અનુસાર મેળવવા માટે નયનાબેન હક્કદાર હોય તે રકમ મેળવવા કાર્યવાહી કરી શકે, તે હેતુ માટે વારસાઈ સર્ટિફિકેટ ઇસ્યુ કરવું જરૂરી છે.

૫.૮) એપેલેન્ટ તરફથી વિદ્વાન વકીલશ્રી દ્વારા જે દલીલ રજૂ કરવામાં આવી હતી તે પ્રમાણે તેમની દલીલનો એક મુદ્દો એ છે કે, વારસા પરચુરણ અરજી દાખલ કરી તે પછી જાહેર નોટિસ ઈશ્યુ કરવી જરૂરી છે, જે

V.G.RANA
5 th Addl. District Judge,Gandhinagar

આ કિસ્સામાં કરવામાં આવી નથી, તે સંજોગોમાં અરજદારની તરફેણમાં વારસા સર્ટિફિકેટ ઈશ્યુ કરી શકાય નહીં.

– એપેલેન્ટે આ મુદ્દો ઉપસ્થિત કર્યો તે સંદર્ભે વિ. ટ્રાયલ કોર્ટે તેમના ચુકાદાના પૅરેગ્રાફ નંબર–૧૮ માં એવું નોંધ્યું છે કે, જ્યારે વારસા પરચુરણ અરજી દાખલ થઈ તે વખતે કોર્ટના મકાનમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા ભાગ ઉપર નોટિસ ચોંટાડવાનો હુકમ કરવામાં આવ્યો છે. અલબત જાહેર નોટિસ પ્રસિદ્ધ થઈ હોય તેવું અરજીના સમગ્ર રેકર્ડમાં જોતા જણાતું નથી. પરંતુ વિદ્વાન ટ્રાયલ કોર્ટે એવું સ્પષ્ટ રીતે નોંધ્યું છે કે અરજદાર વારસા સર્ટિફિકેટ મેળવવા માટે આવ્યા તેનાથી જેને અસર પહોંચે છે તેવા પ્રતિવાદી નંબર–પ અર્થાત મૃત્યુ પામનાર દિલીપભાઈના માતા લલિતાબેન આ અરજીમાં સામાવાળા તરીકે જોડવામાં આવ્યા છે, અને લલિતાબેને તેમનો લેખિત જવાબ પણ રજૂ કર્યો છે, તેમના પુરાવાઓ પણ રજૂ કર્યા છે. તેથી જ્યારે અરજદારે જે દાદ માંગી છે તેનાથી અસર પામનાર હાજર થઈ ચૂક્યા હોય ત્યારે જાહેર નોટિસ પ્રસિદ્ધ ન કરી તેટલા માત્રથી પણ કોઈ ફરક પડતો નથી.

૬) આ સંજોગોમાં એપેલેન્ટની આ અપીલ મંજૂર કરવાપાત્ર નથી, તેમ માનું છું અને નીચે મુજબનો આખરી હુકમ કરું છું:

:: <u>આખરી હુકમ</u> ::

૧) એપેલેન્ટની અપીલ **નામંજૂર** કરવામાં આવે છે.

૨) દિલીપભાઈના મરણોત્તર પેન્શન ચૂકવવાના હેતુ માટે નયનાબેન તે દિલીપભાઈના વિધવા પત્ની છે, તેવું ઠરાવવામાં આવે છે.

V.G.RANA
5 th Addl. District Judge,Gandhinagar

૩) વિ. ટ્રાયલ કોર્ટે જે હુકમ કર્યો છે તે સિવિલ કોર્ટ દ્વારા કરવામાં આવેલું હુકમનામું ગણાશે નહીં, પરંતુ ભારતીય વારસા અધિનિયમની ક. ૩૭૨ ની જોગવાઈ મુજબ વારસા સર્ટિફિકેટ આપવાનો હુકમ કર્યો છે, તે મુજબ તેનો અર્થ થશે. વિદ્વાન ટ્રાયલ કોર્ટે દોરેલુ હુકમનામું સેટ એસાઈડ કરવામાં આવે છે.

૫) સામાવાળા નંબર–૨ થી ૫ દ્વારા લલીતાબેનની તરફેણમાં જે રકમો ચૂકવી દીધી છે, તે રકમો અથવા તેનો ભાગ મેળવવા નયનાબેન દીલીપભાઇના વિધવા પત્ની તરીકે હકદાર છે, તે મુજબનું વારસાઇ સર્ટિફિકેટ વિ. ટ્રાયલ કોર્ટે જરૂરી ફી લઇને ઇસ્યુ કરવું.

૬) આ હુકમની એક ખરી નકલ સાથે વિદ્વાન ટ્રાયલ કોર્ટનું રેકોર્ડ અને પ્રોસિડિંગ પરત મોકલી આપવું.

આ હુકમ આજ રોજ તારીખ : **૩૦ મી જૂન, ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

Dated:30/06/2026
Place:- Gandhinagar.

[Virendrasinh Gemalsinh Rana]
5 th Additional District Judge, Gandhinagar.
GJ00964